આંક :-

-:: નમૂનો - અ ::-

# જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ, મું. જૂનાગઢ.

ચૂકાદાની તારીખ :- ૩૦/૦૬/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર :- ૩૩૭૫/૨૦૨૫.

ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪, ૧૨૭(૨) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૨૪૨૫૦૨૨૭/૨૦૨૫. |
| પોલીસ સ્ટેશન | બી-ડીવીઝન પોલીસ સ્ટેશન, જૂનાગઢ. |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર :<br>(મુળ ફરિયાદી : દિપકભાઇ કનુભાઇ ઠાકર) |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. પંચાલ. |
| આરોપી પક્ષ | (૧) સંજયભાઇ ડોસાભાઇ કોડીયાતર,<br>ઉ.વ.આ. ૪૩, ધંધો-માલઢોર,<br>રહેવાસી : પ્લાસવા ગામ પાસે,<br>સંજયનગર પાછળ, ગાયત્રી નગર સોસાયટી,<br>વાડી વિસ્તાર, જૂનાગઢ.<br>(૨) સંજયભાઇ રણમલભાઇ કોડવાલા,<br>ઉ.વ.આ. ૩૯, ધંધો-ખેતી અને વેપાર,<br>(૩) રણમલભાઇ નાથાભાઇ કોડવાલા,<br>ઉ.વ.આ. ૭૨, ધંધો-ખેતી,<br>નં.૨-૩ રહેવાસી : નહેરૂ પાર્ક સોસાયટી,<br>અમી એન્કલેવ એપાર્ટમેન્ટ, બ્લોક નં.૧૦૧,<br>જૂનાગઢ. |

| | |
|---|---|
| આરોપી નં.૧ તરફે<br>આરોપી નં.૨-૩ તરફે | વિ.વકીલશ્રી જે. આર. જોષી.<br>વિ.વકીલશ્રી કે. ડી. ઓડેદરા. |

## -:: નમૂનો - બ ::-

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૭/૦૩/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૪/૦૭/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| ચૂકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

## -:: આરોપીની વિગત ::-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ દોષિત | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંજયભાઇ ડોસાભાઇ કોડીયાતર, | -- | -- | બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪, ૧૨૭(૨) મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકયા | -- | -- |
| ૨ | સંજયભાઇ રણમલ કોડવાલા, | -- | -- | -”- | -”- | -- | -- |
| ૩ | રણમલ નાથાભાઇ કોડવાલા, | -- | -- | -”- | -”- | -- | -- |

-:: નમૂનો - ક ::-

: સાહેદોનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૭ | દિપકભાઇ કનુભાઇ ઠાકર | ફરિયાદી |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૮ | અસલ ફરિયાદ. |
| ૨ | ૧૯ | બનાવવાળી સ્થાનિક જગ્યાના પંચનામાની ખરીનકલ. |
| ૩ | ૨૦ | કલમ-૬૩(૪)(સી) મુજબના સર્ટીફીકેટની ખરીનકલ. |
| ૪ | ૨૧ | આરોપી નં.૧ ના અટક પંચનામાની ખરીનકલ. |
| ૫ | ૨૨ | મોબાઇલ ફોન કબજે કર્યાના પંચનામાની ખરીનકલ. |
| ૬ | ૨૩ | આરોપી નં.૨-૩ ના અટક પંચનામાની ખરીનકલ. |

બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

ક. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

ડ. ભૌતિક પદાર્થ :

| ક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧ | રેડમી કંપનીનો મોબાઇલ ફોન |

## -:: ચૂ કા દો ::-

ફરિયાદ પક્ષનો કેસ :-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીને ટીંબાવાડી બાયપાસ ગેઇટ પાસે અમી ડેવલોપર્સ નામની બાંધકામની પેઢી હતી જે છેલ્લા પાંચ વર્ષથી કોઇ બાંધકામનો ધંધો કરતા નથી. સને ૨૦૧૮ ઓગષ્ટમાં શૈલેષગીરી મોહનગીરી મેઘનાથી સાથે ફરિયાદી તથા ફરિયાદી સાથે ૨૦ ટકાના ભાગીદાર તરીકે આ કામના આરોપી સંજયભાઇ રણમલભાઇએ ટીંબાવાડી રોડ પર કારડીયા કન્યા છાત્રાલયની સામે એક ૧૩૬૬ વારના પ્લોટોનો સોદો નકકી કરેલ અને તે પેટે ફરિયાદીએ આરોપીને રૂપિયા અઢી કરોડ આપેલ, બાદ દસ્તાવેજ કર્યા પહેલા જ આ શૈલેષગીરી કયાંક જતો રહેલ જેથી ફરિયાદીએ આ અંગે સી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરેલી અને તે ફરિયાદની તપાસ દરમિયાન શૈલેષગીરીને પોલીસે અટક કરેલ અને બે વર્ષ જેલમાં રહેલ. જે અંગે કોર્ટમાં કેસ ચાલે છે. જે પ્લોટનો કબજો ફરિયાદી પાસે છે અને તે પ્લોટ માસિક રૂા.૩૦,૦૦૦/- થી નેહા સ્ટીલ પેઢીને ભાડે આપેલ. બાદ ફરિયાદી અગાઉ રાજકોટ ખાતે હતા તે વખતે ફરિયાદીને સુભાષભાઇએ તેના મોબાઇલ નં.૯૯૦૯૦૪૨૬૯૦ ઉપરથી અવાર નવાર ફોન કરીને જૂનાગઢ આવવાનું અને ટીંબાવાડીની જમીન બાબતે વાત કરવાનું કહેતા ફરિયાદી તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ રાજકોટથી જૂનાગઢ આવેલ અને બપોરના સાડા અગીયારેક વાગ્યે સુભાષભાઇએ ફરિયાદીને આરોપી સંજયભાઇ કોડવાલાના ઘરે બોલાવતા ફરિયાદી ત્યાં ગયેલ અને ત્યાં આરોપી સંજયભાઇ તથા રણમલભાઇ તથા સુભાષભાઇ તથા પુંજાભાઇ મેર હાજર હતા અને ફરિયાદીએ આરોપી સંજય કોડવાલાએ ટીંબાવાડીની જમીન પુંજાભાઇ મેરને

લખી આપવાની વાત કરેલ પરંતુ આ જમીનનું અગાઉ આરોપી સંજય કોડવાલાના કહેવાથી આરોપી સંજયભાઇ ડોસાને લખાણ કરી આપેલ હોય જેથી ફરીવખત આ જમીનનું લખાણ કરવાની ના પાડતા, આરોપી સંજય કોડવાલા અને રણમભાઇ કોડવાલાએ ફરિયાદીને બે-ચાર જાપટો મારી દીધેલ અને ચારેય લોકોએ ફરિયાદીને જેમફાવે તેમ ભુંડી કાગળો કાઢેલ અને ધમકી આપેલ કે જો તું લખાણ નહીં કરી આપ તો જાનથી મારી નાખીશું અને પછી જમીન લઇ લેશું એટલે લખાણ તો તારે કરી જ આપવું પડશે. આરોપી રણમલભાઇએ કહેલ કે આને અત્યારે જ વાડીએ લઇ લો અને લખાણ ના કરે ત્યાં સુધી કયાંય જવા દેવાનો નથી અને પુંજાભાઇ મેરે ફરિયાદીનો કાંઠલો પકડી ખેંચેલ અને હવે આને કયાંય જવા દેવાનો નથી તેમ કહી ચારે લોકોએ ગેરકાયદેસર અટકાયતમાં રાખેલ જેથી ફરિયાદી ડરી જતા લોખાણ કરી આપવાની સહમતી આપેલ. ફરિયાદીએ આરોપી સંજય ડોસાને ફોન કરીને વાત કરતા આરોપી સંજય ડોસાએ પણ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ. જેથી ફરિયાદીને બીક લાગતા જે તે વખતે કોઇ ફરિયાદ લખાવેલ ન હતી પરંતુ જાનનું જોખમ જણાતા ફરિયાદીએ તેમના પત્ની અને બાળકોને વાત કરેલ જેથી આ બાબતે પોલીસ ફરિયાદ કરી દેવા સમજાવતા તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ ફરિયાદ આપેલ.

(૨) સદરહુ ગુનાની ફરિયાદ ફરિયાદીએ જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપતા, જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪, ૧૨૭(૨) મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને પ્લી :-</u>

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા બાદ

આરોપીઓ વિરૂધ્ધ આંક-૧૩ થી તહોમતનામું ફરમાવી આંક-૧૪, ૧૫ અને ૧૬ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા, આરોપીઓ સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :-

(૪) ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં નમૂના ‘ક’ (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે અને આંક-૨૪ થી મુળ ફરિયાદીએ પુરાવો પુરો થયાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

(૫) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :-

આ કામે પુરાવાના અંતે આરોપીઓના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

દલીલો :-

(૬) સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી. બી. પંચાલ અને આરોપી નં.૧ તરફે વિ.વકીલશ્રી જે. આર. જોષી અને આરોપી નં.૨-૩ તરફે વિ.વકીલશ્રી કે. ડી. ઓડેદરાની મૌખિક દલીલો સાંભળી.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપિસ્થત થાય છે.

-:: મુદાઓ ::-

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૨/૦૨/૨૦૨૫ ના અરસામાં આ કામના ફરિયાદીની જમીન મેળવી લેવા ધમકી આપી, દબાણ કરી અને લખાવી લેવા મજકૂર કરી, આરોપી નં.૧-૨ નાએ ફરિયાદીને જાપટોનો માર મારી સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી, ભુંડી ગાળો કાઢી, જાનથી મારી |

| | |
|---|---|
| | નાખવાની ધમકી આપી, ફરિયાદીને ગેરકાયદેસર અટકાયતમાં રાખી, એકબીજાને મદદગારી કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪, ૧૨૭(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૮) ઉપરોક્ત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદા નં.(૧) : નકારમાં.

મુદા નં.(૨) : આખરી હુકમ મુજબ.

-:: કા ર ણો ::-

મુદા નં.(૧) :-

(૯) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪, ૧૨૭(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે સદરહુ કલમની કાયદાકીય જોગવાઇ ધ્યાને લેવી જરૂરી બની જાય છે, જે નીચે મુજબ છે.

**Sec. 115(2)** Whoever, except in the case provided for by sub-section (1) of section 122 voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to ten thousand rupees, or with both.

**Sec. 296** Whoever, to the annoyance of others,—

(b) sings, recites or utters any obscene song, ballad or words, in or near any public place, shall be punished with imprisonment of either description for a term which may extend to three months, or with fine which may extend to one thousand rupees, or with both.

**Sec. 351(3)** Whoever commits the offence of criminal intimidation by threatening to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or imprisonment for life, or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

**Sec. 54.** Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

**Sec. 127(2)** Whoever wrongfully confines any person shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to five thousand rupees, or with both.

(૧૦) ઉપરોકત કાયદાકીય જોગવાઇ સાથે આ કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરિયાદ પક્ષ તરફે મુળ ફરિયાદી દિપકભાઇ કનુભાઇ ઠાકરને આંક-૧૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ બનેલ અને બનાવના દિવસે આરોપીઓ સાથે સામાન્ય બાબતે બોલાચાલી થયેલ અને આવેશમાં આવી તેઓએ પોલીસમાં ફરિયાદ કરેલી. ફરિયાદ આંક-૧૮ થી રજૂ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, બનાવ સમયે ઘણા માણસો ભેગા થઇ ગયેલા હતા તે વખતે આરોપીઓ શું બોલતા હતા તે તેઓ હાલ ચોકકી કહી શકે નહીં. આ કામે અન્ય કોઇ સાહેદની સાથે બોલાચાલી થયેલ નથી. તેઓને આ કેસ આગળ ચલાવવો નથી જેથી વધુ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી. સદરહુ ફરિયાદી ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી

ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પોતાની ફરિયાદની હકીકતનો ઇન્કાર કરેલ છે. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ટાઇપ કરેલ ફરિયાદમાં સહી કરેલી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેમને કોઇ ગાળો આપેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી. જેથી ફરિયાદીના પુરાવાથી વિરોધાભાસી હકીકતો ફલિત થતી હોય ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી.

(૧૧) વધુમાં ફરિયાદ પક્ષે બચાવ પક્ષની સંમતિથી આંક-૧૯ થી બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું, આંક-૨૦ થી સર્ટીફીકેટ, આંક-૨૧ થી આરોપી નં.૧ નું અટક પંચનામું, આંક-૨૨ થી મોબાઇલ કબજે કર્યાનું પંચનામું, આંક-૨૩ થી આરોપી નં.૨-૩ નું અટક પંચનામું રજૂ થયેલ છે. જેની હકીકતો જોવામાં આવે તો અટક અને સ્થાનિક જગ્યાનું પંચનામું થયેલાનું જણાય આવે છે, પરંતુ ફરિયાદ પક્ષના રેકર્ડ પરના મૌખિક પુરાવાથી આરોપીઓએ ગુનામાં ભાગ ભજવેલાની હકીકત રેકર્ડ પર આવતી ન હોય અને ઉપરોકત દસ્તાવેજો પુરવાર કરવા માટે પંચ સાહેદો તબીબી સાહેદને આ કામે તપાસવામાં આવેલ ન હોય તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના બીપીન શાંતિલાલ પંચાલના કેસમાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ માત્ર આંકે પડી જવાથી કોઇપણ દસ્તાવેજો પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહીં, જે તે દસ્તાવેજો પુરવાર થયેથી જ પુરાવામાં ગ્રાહય રાખી, પુરાવો રજુ કરનારને કેસમાં મદદરૂપ થઇ શકે તેમ છે. જેથી અત્રેના કેસમાં રજુ થયેલ દસ્તાવેજોમાં જણાવેલ કોઇ હકીકત એડમીટ કરતા હોય કે કબૂલ મંજુર કરતા હોય, તે અંગેની કોઇ હકીકત જણાવેલ નથી કે તે મુજબનો શેરો કરેલ નથી. જેથી દસ્તાવેજો માત્ર આંકે પડેલ હોય અને તેના સમર્થનમાં ફરિયાદ પક્ષ તરફે કોઇ સમર્થનકારી પુરાવો રજુ થયેલ ન હોય, સદર દસ્તાવેજો પુરાવામાં ગ્રાહય રાખી શકાય તેમ ન હોય જેથી ફરિયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી. તેમજ આરોપી તરફે સંમતિથી આંકે પડેલ

દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીઓએ ગુનામાં ભાગ ભજવેલાની હકીકત શંકારહિત પુરવાર થતી નથી.

(૧૨) આમ, ફરિયાદીની જુબાનીનું મૂલ્યાંકન કરતા બનાવના દિવસે આરોપીઓ અને ફરિયાદી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત ફલિત થાય છે, તે સિવાય મુદાની અને મહત્વની હકીકત સંબંધે કોઇ હકીકત ફલિત થતી નથી. ફરિયાદી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, આરોપીઓએ કોઇ ગાળો આપેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી. આમ, ફરિયાદીના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતું નથી. ફરિયાદી ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય ફરી ગયેલા જાહેર થયેલ છે અને તેઓના પુરાવાથી વિરોધાભાસી હકીકત ફલિત થાય છે. વધુમાં ફરિયાદમાં ગાળો આપેલ હોવાનું લખાવેલ છે, પરંતુ ગાળોમાં કયા ચોકકસ શબ્દો બોલેલ તે અંગે કોઇ હકીકત લખાવેલ નથી તેમજ આ હકીકત સંબંધે મહત્વના એવા ફરિયાદી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં કોઇ જ હકીકત જણાવતા નથી અને તેઓની જુબાનીમાંથી એવું જણાય આવતું નથી કે આરોપીઓએ ઇરાદાપૂર્વક અપમાન કરેલ હોય અને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરેલ હોય અને ઝઘડો થયા બાદ જાહેર જનતાને અગવડતા પડેલ હોય અને અશાંતિ થયેલ હોય જેનાથી જાહેર જીવનને અસર થઇ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. તેમજ આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો પણ આક્ષેપ કરેલ છે, પરંતુ ફરિયાદીએ સોગંદ ઉપરની જુબાનીમાં જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી તેમજ સદર ધમકીના કારણે ફરિયાદી ફરિયાદ નોંધાવ્યા પછી બહાર આવન જાવક કરી શકતા ન હોય કે રાબેતા મુજબની કામગીરી કરવા અશકિતમાન થયેલા હોય તેવો લેશમાત્ર પણ પુરાવો હાલના કેસમાં ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી. ઉલ્ટાનું પુરાવો જોતા ફરિયાદી ફરિયાદ નોંધાવ્યા બાદ આવી કોઇ હકીકત તેઓના મનમાં સતત ભયની ઘંટી બજતી હોય કે તેઓ રોજબરોજની કાર્યવાહી કરવા અશકિતમાન થયેલ હોય તેવું જણાય

આવતું નથી. વધુમાં આરોપીઓએ ફરિયાદીને ગેરકાયદેસર અટકાયતમાં રાખેલ હોય તેવી પણ કોઇ હકીકત જણાય આવતી નથી. વધુમાં કહેવાતો બનાવ તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ બનેલ છે અને બનાવ અંગેની ફરિયાદ તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ જાહેર કરેલ છે અને મોડી ફરિયાદ અંગે કોઇ યોગ્ય ખૂલાસો ફરિયાદમાં કરેલ નથી ત્યારે ફરિયાદમાં શંકા ઉત્પન્ન થાય છે. આ સિવાય ફરિયાદ પક્ષ તરફથી અન્ય કોઇ પુરાવો રજૂ થયેલ નથી તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪, ૧૨૭(૨) મુજબના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઇ મુજબ આરોપી વિરૂધ્ધ શંકારહિત કેસ પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે, પરંતુ સદર કેસમાં ફરિયાદ પક્ષે મુકેલા આક્ષેપો શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપી નં.(૧) સંજયભાઇ ડોસાભાઇ કોડીયાતર, નં.(૨) સંજયભાઇ રણમલભાઇ કોડવાલા અને નં.(૩) રણમલભાઇ નાથાભાઇ કોડવાલા નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪, ૧૨૭(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીઓના જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને દરેક આરોપીએ નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા.

(૩) સદર કામે આંક-ર ની મુદામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદામાલ મોબાઇલ અંગે અગાઉ જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અન્યથા મુદામાલની માલીકીપણાની ખરાઇ કરી મુદામાલ તેના ખરા માલીક કબજેદારને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપી આપવો.

આ હુકમ આજ તારીખ ૩૦મી, માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)